


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૯૮ | ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; ભાદરવા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### લશ્કરે તોયબાની ઉત્તરપ્રદેશમાં બોમ્બ ધડાકા કરવાની ધમકી

આતંકવાદી સંગઠન લશ્કરે તોયબાના નામે અંબાલા રેલવે સ્ટેશન ડાયરેક્ટરને પત્ર મોકલી સહારનપુર રેલવે સ્ટેશન અને શાકંભરી દેવી મંદિર સહિત યુ.પી. હરિયાણાના કેટલાય સ્ટેશન અને મંદિરોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ છે.

### નવી દૂરસંચાર નીતિને ગ્રીન સીગ્નલ

કેન્દ્રિય મંત્રીમંડળે બુધવારે નવી દૂરસંચાર નીતિને મંજૂરી આપી છે. આ નીતિને રાષ્ટ્રીય ડિજિટલ સંચાર નીતિ, ૨૦૧૮ તરીકે ઓળખવામાં આવશે. જે અંતર્ગત ૨૦૨૨ સુધી આ ક્ષેત્રમાં સો અરબ ડોલરના રોકાણને આકર્ષિત કરવા અને ૪૦ લાખ રોજગારના અવસરોના સર્જનનું લક્ષ્ય છે.

### જયપુરમાં માદક પદાર્થોનો વિશાળ જથ્થો ઝડપાયો

રાજસ્થાન પોલીસે સીમાવર્તી બાડમેર જિલ્લાના કલ્યાણપુર ક્ષેત્રમાં એક ટ્રકમાંથી ૯૮૦ કિલોગ્રામ પોસ ડોડા જપ્ત કર્યા છે. લાખોની કિંમતના માદક દ્રવ્યોને ક્યાં લઈ જવાતા હતા તે બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે.

### શનિના ચંદ્ર પર આંધી

નાસાના કેસિની અંતરીક્ષયાનથી મળેલા આંકડાઓનો ઉપયોગ કરીને શનિના સૌથી મોટા ચંદ્રના ટાઈટન પર ધૂળની આંધીની જાણકારી પ્રાપ્ત કરવામાં આવી છે. પૃથ્વી અને મંગળ બાદ ટાઈટન એવો ઉપગ્રહ છે જેના પર આંધીની જાણકારી મળી છે.

# આધાર કાર્ડને સુપ્રીમની શરતી માન્યતા

**મોબાઈલ, બેન્ક સાથે આધારને જોડવુ ગેરબંધારણીય : સુપ્રિમ કોર્ટ : સુપ્રિમે આધાર એક્ટની કલમ-૫૭ને હટાવી, આધાર સંપૂર્ણ સુરક્ષિત છે, તેના પર હુમલો બંધારણની વિરુદ્ધ, સીબીએસઇ, નીટ અને યુજીસી માટે આધાર અનિવાર્ય બનશે, પરંતુ સ્કૂલ એડમિશન માટે જરૂરી નથી**



નવી દિલ્હી,તા. ૨૬

લાંબા સમય સુધી ચર્ચાના વિષય તરીકે રહેલા આધાર કાર્ડની કાયદેસરતાને લઈને સુપ્રીમ કોર્ટે આજે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા આધારની બંધારણીય કાયદેસરતાને જાળવી રાખી હતી. જો કે સુપ્રીમ કોર્ટે કેટલીક શરતો પણ લાગી કરી દીધી છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ સરકારને રાહત થઈ છે. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યુ છે કે સરકાર બાયોમેટ્રિક ડેટાને રાષ્ટ્રીય સુરક્ષાના નામ પર કોર્ટની મંજુરી વગર કોઈ અન્ય એજન્સીને શેયર કરી શકશે નહીં. સુપ્રીમ કહ્યુ હતુ કે સીબીએસઇ, નીટ, યુજીસ માટે આધાર જરૂરી છે પરંતુ સ્કુલમાં પ્રવેશ મેળવી લેવા માટે આધાર જરૂરી નથી. સુપ્રીમ કોર્ટે આધાર એક્ટની કલમ ૫૭ને રદ કરી દીધી છે. પ્રાઈવેટ કંપની આધારની માંગ કરી શકે નહીં. આધારે સમાજના વંચિત વર્ગને મજબુત કરવામાં ભૂમિકા અદા કરી છે. તેમને એક ઓળખ આપી છે. આધારની બંધારણીય કાયદેસરતા પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો જસ્ટીસ સિકરીએ વાંચ્યો હતો. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે આધાર પર પ્રહાર કરવાની બાબતં બંધારણીય

● અનુસંધાન પાન-૭ પર

### આધાર ક્યાં જરૂરી, ક્યાં નહીં




**આધાર ક્યાં જરૂરી છે**

- પેન કાર્ડ બનાવવા માટે આધાર કાર્ડ જરૂરી રહી છે
- આવકવેરા રિટર્ન દાખલ કરવા માટે પણ આધાર કાર્ડ જરૂરી
- સરકારની લાભકારી યોજનાઓ અને સબસિડીનો લાભ લેવા માટે આધાર જરૂરી રહેશે

**આધાર ક્યાં જરૂરી નથી**

- મોબાઈલ સિમ માટે કંપની આધાર કાર્ડ માંગી શકે નહીં
- બેંકમાં એકાઉન્ટ ખોલવા માટે આધારની માંગ કરી શકાય નહીં
- સ્કુલમાં પ્રવેશ માટે આધાર નંબરની માંગ કરી શકાશે નહીં
- સીબીએસઈ, નીટ અને યુજીસીની પરીક્ષા માટે પણ આધાર જરૂરી રહેશે નહીં.
- સીબીએસઈ, બોર્ડ પરીક્ષામાં સામેલ થવા આધારની માંગ કરી શકાય નહીં
- ૧૪વર્ષથી ઓછી વયના બાળકો પાસે આધાર નહીં હોવા પર કેન્દ્ર અને રાજ્ય દ્વારા અપાતી સેવાથી વંચિત રાખી શકાય નહીં
- ટેલિકોમ કંપનીઓ, ઈ-કોમર્સ, પ્રાઈવેટ બેંક અને અન્ય પ્રકારની સંસ્થાઓ આધારની માંગ કરી ન શકે

# રાજ્ય પ્રમોશનમાં અનામત આપી શકે

**સુપ્રીમ કોર્ટ દ્વારા વધુ એક મહત્વપૂર્ણ ચુકાદો : અનામતમાં પ્રમોશન આપવા સરકારને એસસી-એસટીના પછાતપણાના આધારે ડેટા એકત્રિત કરવાની જરૂર નથી**

નવી દિલ્હી,તા. ૨૬

એસસી-એસટીનો પ્રમોશનમાં અનામતને લઈને સુપ્રીમ કોર્ટે આજે તેનો મહત્વપૂર્ણ ચુકાદો આપી દીધો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં સીધી રીતે પ્રમોશનમાં અનામતને ન ફગાવતા કાયદાકીય નિષ્ણાંતોમાં ચર્ચા જોવા મળી રહી છે. આ જટિલ અને સંવેદનશીલ મામલાને રાજ્યો પર છોડી દેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે રાજ્ય સરકારો પ્રમોશનમાં અનામત આપી શકે છે. કોર્ટે સાથે એમ પણ કહ્યુ હતુ કે અનામતમાં પ્રમોશન આપવા માટે સરકારોને એસસી અને એસટીના પછાતપણના આધાર પર ડેટા એકત્રિત કરવાની કોઈ જરૂર નથી. કોર્ટે નાગરાજ મામલામાં ૨૦૦૬માં આપવામાં આવેલા પોતાના ચુકાદા પર ફેરવિચારણા કરવાનો ઈન્કાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૦૬માં સુપ્રીમ કોર્ટ દ્વારા નાગરાજ મામલામાં આપવામાં આવેલા ચુકાદાને સાત જજની બંધારણીય બેંચને મોકલવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે આ ચુકાદો યોગ્ય છે અને તેના પર ફેરવિચારણા કરવાની કોઈ જરૂર દેખાતી નથી. પ્રમોશનમાં અનામત લાગુ કરવા આડે સૌથી મોટી અડચણો પછાતપણના અભ્યાસ કરવાની બાબત બની રહી હતી. જો અભ્યાસ કરવાની જરૂર નથી તો સરકારો સરળતાથી આ કામ કરી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા તર્કદાર દલીલો કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આજે ચુકાદો આપીને આ મામલો રાજ્ય સરકારો પર છોડી દીધો છે. આજે જ લાંબા સમય સુધી ચર્ચાના વિષય તરીકે રહેલા આધાર કાર્ડની કાયદેસરતાને લઈને સુપ્રીમ કોર્ટે ઐતહાસિક ચુકાદો આપ્યો હતો.સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા

# કોર્ટ કાર્યવાહીના પ્રસારણ માટે સુપ્રીમ કોર્ટ સંમત

**કોર્ટ પ્રક્રિયાના પ્રસારણનો હેતુ પારદર્શકતા લાવવાનો છે**

નવીદિલ્હી, તા.૨૬

સુપ્રીમ કોર્ટે આજે વધુ એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેના ભાગરુપે સુપ્રીમ કોર્ટ હવે કોર્ટ કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવા માટે સહમત થઈ ગઈ છે. આ આદેશ અમલી બન્યા બાદ સંસદના બંને ગૃહોની જેમ જ સુપ્રીમ કોર્ટની કાર્યવાહીનું પણ પ્રસારણ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, લોકોના અધિકારોને સંતુલિત કરવાના કાયદા જરૂરી છે. ટૂંક સમયમાં જ આ સંદર્ભમાં માર્ગદર્શિકા તૈયાર કરી લેવાશે. ત્યારબાદ પ્રસારણ કરવામાં આવશે. પ્રસારણ કરવામાં આવ્યા બાદ વાદી-પ્રતિવાદી પક્ષ વચ્ચે કેવાં સવાલ-જવાબ થાય છે, વકીલ કેવાં તર્ક આપે છે. જેવી અનેક કોર્ટના બંધ રૂમમાં થતી હતી તે હવે લોકો ઓનલાઈજ જોઈ શકશે. એક રીતે આ ઓપન કોર્ટ જેવી વ્યવસ્થા હશે. જો કે હજુ તો આદેશ જ થયો છે. આ ચુકાદાના પાલનની વ્યવસ્થા બનવાની છે. કોર્ટની લાઈવ સ્ટ્રીમિંગ પર આવેલાં નિર્ણયની પાછળ કાયદાના વિદ્યાર્થી સ્વપ્રિલ ત્રિપાઠીની ભૂમિકા મહત્વની રહી છે. નેશનલ લો યુનિવર્સિટી સાથે લો ઓનર્સના અંતિમ વર્ષમાં અભિયાસ કરતાં સ્વપ્રિલ ત્રિપાઠીએ આ મુદ્દાને લઈને સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો. સ્વપ્રિલ કોર્ટમાં ઈન્ટર્નના ચુકાદા પર લગેલાં બેનને પણ પડકાર આપી ચુક્યાં છે. સ્વપ્રિલની અરજી પર જનહિત અને રાષ્ટ્રીય મહત્વ સાથે જોડાયેલાં મામલાની સુનાવણીની લાઈવ સ્ટ્રીમિંગના આદેશ થયા. સ્વપ્રિલની સાથે વરિષ્ઠ વકીલ ઈન્દિરા જય સિંહે પણ લાઈવ સ્ટ્રીમિંગને લઈને અરજી દાખલ કરી રાખી હતી. આ અરજીઓની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે લાઈવ સ્ટ્રીમિંગ ફેઝમાં લાગુ કરાશે અને તેનાથી ન્યાયિક વ્યવસ્થામાં જવાબદારી વધશે. કોર્ટે કહ્યું કે તેના માટે નિયમ કાયદા નક્કી થશે.

# શેરડી ઉદ્યોગ માટે ૫૫૦૦ કરોડનું પેકેજ

**કેબિનેટ બેઠકમાં શેરડી, રેલવે, હોટલ મામલે મહત્વપૂર્ણ નિર્ણયો : પાંચ મિલિયન ટન સુધી શેરડીની નિકાસ કરવા મિલોને મદદ કરવા નિર્ણય પટણામાં ડોમેસ્ટિક ટર્મિનલ અને છત્તીસગઢમાં નવી રેલવે લાઈનને લીલીઝંડી**

નવીદિલ્હી, તા. ૨૬

કેન્દ્રીય કેબિનેટની આજે મહત્વપૂર્ણ બેઠક થઈ હતી જેમાં શેરડી, રેલવે, હોટલ સહિત અનેક મુદ્દા ઉપર મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. નાણામંત્રી અરુણ જેટલીએ પત્રકાર પરિષદ દરમિયાન કેન્દ્રીય કેબિનેટના નિર્ણયના સંદર્ભમાં પત્રકારોને માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, દેશમાં વધારાના ખાંડ ઉત્પાદનને ધ્યાનમાં લઈને કેબિનેટે એક વિસ્તૃત પોલિસીને મંજુરી આપી છે. નાણામંત્રીએ કહ્યું હતું કે, ગયા વર્ષે અને આ વર્ષે શેરડીનું ઉત્પાદન ખુબ વધારે થયું છે જેથી આ ખુબ મહત્વપૂર્ણ રહેશે.

વિધાનસભાની ચૂંટણી પહેલા આ જાહેરાતોને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કેન્દ્રીયમંત્રીએ કહ્યું હતું કે, ખાંડ ઉદ્યોગ માટે ખાસ પેકેજની જાહેરાત કરવામાં આવી છે જે હેઠળ ખાંડ મિલો અને ટ્રાન્સપોર્ટ, હેન્ડલિંગ જેવા ખર્ચ માટે ખાસ રીતે નિકાસમાં મદદ કરવામાં આવશે. આની સાથે સાથે સુગર ઈન્ડસ્ટ્રીને ૫૫૦૦ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરવામાં આવી છે.

પટણામાં ડોમેસ્ટિક ટર્મિનલ બનાવવાને મંજુરી આપવામાં આવી છે. આના ઉપર અંદાજિત ખર્ચ ૧૨૧૬.૯૦ કરોડ રૂપિયા રહેશે. જેટલીએ કહ્યું હતું કે, કેટલીક એવી હોટલો હતી જે બનતા બનતા રોકાઈ ગઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર



# નવ મહિનાથી દુબઈના જહાજમાં આઠ ભારતીય નાવિક ફસાયા

દુબઈ,તા.૨૬

૮ ભારતીય નાવિક ગત નવ મહિનાથી દુબાઈમાં એક જહાજમાં ફસાયેલા હતા. મીડિયામાં આવેલી એક રિપોર્ટમાં મંગળવારે આ જાણકારી આપવામાં આવી છે.

ગલ્ફ ન્યૂઝની રિપોર્ટ અનુસાર, પનામાથી રવાના થયેલ જહાજ ગત વર્ષે નવેમ્બરમાં દુબાઈની સમુદ્રી સીમામાં પહોંચ્યુ. જહાજમાં ફસાયેલા નાવિકોએ જણાવ્યું કે, કંપનીએ તેમને પગાર વીના, ભોજન વીના અને ઈંધણ વીના જ છોડી દીધા છે.

આ જહાજનું નામ એમવી ટૉપમેન છે. રિપોર્ટ અનુસાર, નાવિકોએ કહ્યું કે, દુબાઈ પહોંચ્યા બાદ તેમને માત્ર એક જ મહિનાનો પગાર આપવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર






# એશિયા કપમાં ભારત-અફઘાન રોમાંચક મેચ આખરે ટાઈ રહી

**ભારતીય ટીમ પાંચ ફેરફારની સાથે મેદાનમાં ઉતરી હતી ધોનીના નેતૃત્વમાં ટીમની આઠ પૈકી પાંચ મેચો ટાઇ રહી**

દુબઈ,તા. ૨૬

એશિયા કપ ક્રિકેટની સુપર ચાર રાઉન્ડની ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની મેચ ભારે રોમાંચક તબક્કામાં પ્રવેશી ગયા બાદ આખરે ટાઈમાં પરિણમી જતા કેટલાક ભારતીય ચાહકોને



નિરાશા હાથ લાગી હતી. જો કે તમામ ચાહકોને આ મેચમાં મજા પડી ગઈ હતી. ભારતીય પુછંડિયા બેટ્સમેનોએ લાપરવાહી દર્શાવી હતી. છેલ્લા ઓવરમાં ભારતને છ રનની જરૂર હતી અને છેલ્લા બે બોલમાં બે રનની જરૂર હતી ત્યારે આ મેચ ટાઈમાં પરિણમી હતી. રવિન્દ્ર જાડેજા રન કરવામાં ઉતાવળ કરી ગયો હતો અને તે આઉટ થઈ ગયો હતો. ૨૫૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમ ૪૫.૫ ઓવરમાં ૨૫૨ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. મેચ બાદ ભારતીટ કેપ્ટન ધોનીએ અફઘાનિસ્તાનની ટીમની પ્રશંસા કરી હતી. જો કે ધોનીએ નામ લીધા વગર ખરાબ અમ્પાયરિંગની ટિકા પણ કરી હતી. ભારતીય ટીમ પહેલા ફાઈનલમાં પહોંચી ગઈ છે. ભારતીય ટીમ મેચમાં પાંચ ફેરફાર સાથે મેદાનમાં ઉતરી હતી.દુબઈમાં એશિયા કપ ક્રિકેટની મેચમાં અફઘાનિસ્તાન સામે મહેન્દ્રસિંહ ધોનીને ફરી એકવાર કેપ્ટન તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી ત્યારે તમામની નજર ધોની ઉપર કેન્દ્રિત થઈ ગઈ હતી. મહેન્દ્રસિંહ ધોની કેપ્ટન તરીકે નજરે પડ્યો હતો. ધોની ૬૯૬ દિવસ બાદ ફરી ટીમ ઈન્ડિયાના કેપ્ટન તરીકે મેદાનમાં ઉતર્યો હતો.


